| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|


તા.૨૮/૦૨/૨૦૨૦ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૪૦૪/૨૦૨૦**

# ખુનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન :

### શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં ૧૧૧૯૧૦૩૧૨૦૦૧૮૨/૨૦૨૦ ઇપીકો કલમ-૩૦૨, ૩૨૬,૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના ઇસમની શાહીબાગ પોલીસ દ્વારા હસ્તગત કરવામાં આવેલ છે

માનનીય પોલીસ કમિશનર શ્રી આશીષ ભાટીયા સાહેબ તથા અધિક પોલીસ કમિશનર સેકટર -૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન- ૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી " એફ " ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી શાહીબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૧૧૯૧૦૩૧૨૦૦૧૮૨/૨૦૨૦ ઇપીકો કલમ ૩૦૨, ૩૨૬,૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ ના કામના ફરીયાદી કમળાબેન ડૉ/ઓ નટવરલાલ નારણભાઈ જાતે:પરમાર ઉ.વ.૪૩ રહે:મ.નં.૪૬૪/૧૯૫/૬,કે.જે.કડીયાની ચાલી,બળિયા લિમડી ન્યુ સીવિલ અસારવા શાહીબાગ અમદાવાદ શહેરની ફરીયાદના કામે હકીકત એવી છે કે ગઇ તા.૨૩/૦૨/૨૦૨૦ ના રોજ આ કામે મરણ જનાર રવીન્દ્રકુમાર નટવરલાલ રાજા ઉ.વ.૩૫ રહે: કે.જે.કડીયાની ચાલી બળીયા લીમડી અસારવા તથા તેનો મિત્ર ધવલ ઉર્ફે મારવાડી કુસાજી સોલંકી ઉ.વ.૨૭ રહે.બ્લોક નં.૭/૧૫૫ પતરાવાળી ચાલી,ચમનપુરા,મેઘાણીનગર,અમદાવાદ શહેર બંન્ને જણા મરનાર રવિન્દ્રનું એકસેસ ટુ વ્હીલર નં.GJ-01-SK-4215 નું લઇ રોજા સર્કલ ગયેલા અને ત્યાં નાસ્તાની લારી ઉપર નાસ્તો પાણી કરી બંન્ને જણા ચામુંડાબ્રીજ નીચે આવેલ ચામુંડા માતાના મંદીર દર્શન કરવા સારૂ ગયેલા અને સાંજના આશરે સાતેક વાગ્યાની આસ્પાસ એકસેસ ઉપર પરત ચમનપુરા ચકલા રૈનબસેરા પાસે

ઉભી રહેતી નોનવેજની લારી ઉપર આવેલા બંન્ને જણાએ જમવાનો ઓર્ડર આપેલો ત્યારે એક પચ્ચીસથી સત્તાવીસ વર્ષના આશરાનો અજાણ્યો ઇસમ આવેલ અને તેનીપેન્ટની ફેંટમાં ચપ્પા જેવું હથીયાર ભરાવેલ હોય મરણ જનાર રવિન્દ્રકુમારે હું પોલીસમાં છુ તારી ફેંટમાં કેમ ચપ્પુ ભરાવેલ છે જેથી આ અજાણ્યો ઇસમ એકદમ મરનાર રવિન્દ્રકુમાર ઉપર એકદમ ઉશ્કેરાઇ જઇ તેઓને ગમે તેમ બોલી મરનાર રવિન્દ્રભાઇ એકદમ ઉભા થઇ તેની ફેંટમાંનું ચ્પ્પુ લેવા જતા આ અજાણ્યા ઇસમે તેની ફેંટમાંનું ચપ્પુ કાઢી રવિન્દ્રભાઇને બંન્ને પગોની જાંઘો ઉપર ઉપરા છાપરી ચપ્પાના છ થી સાત ઘા મારી જીવલેણ ઇજાઓ કરતા ઇજા પામનાર-ધવલ ઉર્ફે મારવાડી છોડાવવા વચ્ચે પડતા બીજા ત્રણ ઇસમો આ અજાણ્યા ઇસમનુ ઉપરાણું લઇ આવેલા જેઓ આશરે પચ્ચીસથી ત્રીસ વર્ષના હતા જે પૈકી બે ઇસમોએ ધવલ ઉર્ફે મારવાડીને પકડી રાખેલ અને એક અજાણ્યા ઇસમે તેની પાસેનું ચપ્પુ કાઢી તેના બંન્ને પગની જાંઘો ઉપર બે ઘા મારી દીધેલ અને ચપ્પુ છોડાવવાનો પ્રયત્ન કરતા ડાબા હાથના પંજામાં સામાન્ય ઇજા થયેલ ત્યારબાદ મરણજનાર તથા સાહેદ ધવલ ને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ૧૦૮ માં લઇ ગયેલ જયા રવીન્દ્રકુમારનુ મોત નીપજેલ આ ગુનાના ચાર અજાણ્યા ઇસમોની તપાસ માટે અલગ અલગ ચાર ટીમો બનાવી તેમજ ટેકનીકલ માધ્યમથી આરોપીઓ અંગે હકીકત મેળવી આ ગુનામાં સંડોવાયેલ મુખ્ય આરોપી ગોવિંદ ઉર્ફે જીગ્નેશ ઉર્ફે પેકલો સ/ઓફ જયંતીભાઇ પટણી (સાંગળીયાવાળા) રહે:મોતીભાઇ લલ્લુભાઇની ચાલી ગ્રીન સીટી સામે શાહીબાગ અમદાવાદ ને શાહીબાગ વિસ્તારમાંથી હસ્તગત કરતી શાહીબાગ પોલીસ



# ચોરીના ગુનાના આરોપીની અટકાયતીની વિગત

## સરખેજ પોલીસ સ્ટેશન :

### મોટર સાયકલ ચોરીના આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતી સરખેજ પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સબંધી ગુન્હા શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના આપેલ જે સુચનાં તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોર્ડનાં પો.સબ.ઇન્સ.વી.ડી.ડોડીયા તથા અ.હેડ કોન્સ. ઇદરીશખાન સામતખાન બ.નં.૫૭૨૫ તથા અ.હેડ.કોન્સ.અજીતસિહ પ્રભાતસિહ બ.નં-૪૧૨૮ તથા અ.પો.કો.રણજીતસિંહ સુખદેવસિંહ બ.નં.૮૯૨૧ તથા અ.લોકરક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નં.૧૧૪૮ નાઓ સાથે ટીમ બનાવી સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાનસાથેનાઅ.હેડ કોન્સ.ઇદરીશખાન સામતખાન બ.નં.૫૭૨૫ તથા અ.લોકરક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નં.૧૧૪૮ નાઓનીસંયુક્ત ખાનગી બાતમી હકીકત આધારે સરખેજ અંબર ટાવરની બાજુમાં આવેલ સાગર એવન્યુના પાર્કિંગમાંથી ચોરી કરેલ બજાજ ડિસ્કવર મો.સા.નં. GJ-01-LR-6003 સાથે પકડી પાડી અત્રેના સરખેજ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૨૮/૨૦૨૦ ધી ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબના કામે ગયેલ મુદામાલ સાથે આરોપીને પકડી પાડી ઉપરોક્ત ગુન્હો ડીટેકટ કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

- કબ્જે કરેલ મુદ્દામાલ-

(૧)ગુનાના કામે ચોરીમાં ગયેલ બજાજ ડિસ્કવર મો.સા.નં.GJ-01-LR-6003 જેનીકિં.રૂ.૫૦૦૦/- ની મતાનુ

(૨)રેડમી કંપનીનો મોબાઇલ ફોન કિં.રૂ.૫,૦૦૦/-મતાનો મળી કુલ્લે રૂપિયા ૧૦,૦૦૦/- નો મુદામાલ

- પકડાયેલ આરોપી-

મહમદ હુસેન ઉર્ફે સાગરકુમાર અશોકભાઇ પટણી ઉ.વ-૨૧ રહે-બી/૭/એફ/૧૦૩, તોહીદ પાર્ક, સફાન પાર્ક ગોલ્ડન પલ રેસીડન્સીની સામે અંબર ટાવર સરખેજ અમદાવાદ શહેર. મુળ રહે- ૫/૪૩, પટેલ ચાવી પોલીસ લાઇન બોમ્બે હાઉસીંગ પાસે, સરસપુર અમદાવાદ શહેર.



**ઇસનપુર પોલીસ સ્ટેશન :**

## ઓટો રીક્ષાની ડેકી માથી રોકડ રકમ તથા રીક્ષાની બેટરી કાઢી ચોરી કરતા આરોપીઓને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ સોલકી ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડાનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૨૬/૦૨/૨૦૨૦ ના કલાક ૧૩/૧૫ વાગે નારોલ સર્કલ આવતા સાથેના અ.હે.કો મો.અશરફ ઇસ્માઇલભાઇ તથા અ.પો.કો નારાયણભાઇ કરશનભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમીથી આરોપીઓ (૧) ઇકબાલ સ/ઓ હમીદભાઇ મહમદશા શેખ ઉ.વ ૪૫ રહે નુરભાઇ ધોબીની ચાલી આમ્રપાલી ટોકીઝની સામે ગોમતીપુર અમદાવાદ શહેર મુળ મ.ન ૨૫૪ છીપા સોસાયટી દાણીલીમડા અમદાવાદ શહેર (૨) આરીફ સ/ઓ મહમદશરીફ સુલતાનજી થરાદવાલા (છીપા) ઉ.વ ૪૩ રહે મ.ન ૪૦૨ હાશ્મી ફ્લેટ જાવેદ ફ્લેટની બાજુમા સરકારી ગોડાઉનની પાછળ નવાબની ચાલી શાહઆલમ અમદાવાદ શહેરનાઓને પકડી પાડી રોકડા રૂપિયા ૧૦,૦૦૦/-રીકવર કરી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ ૧૧૧૯૧૦૨૨૨૦૦૨૨૧ મુજબનો ગુનો શોધી કાઢેલ છે



# ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૦૨૨૭ ઇ.પી.કો કલમ ૩૬૫,૩૬૮,૩૮૪,૩૪૨,૩૪૭,૧૭૦,૧૧૪ મુજબના અન ડિટેક્ટ ગુનામા ત્રણ આરોપીઓને શોધી કાઢી પકડી પાડતી ઇસનપુર પોલીસ

ગઇ તા ૨૬/૦૨/૨૦૨૦ ના રોજ રાત્રીના એક ઇસમ નામે રવિ દિનેશભાઇ શ્રીમાળી ઉ.વ ૨૪ રહે,મ.નં ૨૪ નર્મદાનગર સોસાયટી ભીડભંજન હનુમાનજીના મંદિરની પાછળ બાપુનગર અમદાવાદ શહેરનાઓએ આવી જાહેરાત કરેલ કે પોતાની પ્રેમિકા તા ૨૬/૦૨/૨૦૨૦ ના કલાક ૧૭/૩૦ વાગે સાહેદ એગુસ ઉર્ફે સચીન કેશવ શર્માની રીક્ષામા નારોલ સર્કલથી નારોલ રોડ ઉપર જલપરી હોટલથી આગળ રીલાયન્સ પેટ્રોલપંપ ખાતે જતા હતા તે વખતે પાછળથી એક રીક્ષામા ત્રણ અજાણ્યા ઇસમોએ આવી રીક્ષા આગળ પોતાની રીક્ષા ઉભી રાખી પોતાની ક્રાઇમબ્રાન્ચના પોલીસ તરીકેની ઓળખ આપી એક ઇસમે પોતાનુ નામ રાજભા જણાવી ફરીની પ્રેમીકાને તે ચોરી કરેલ છે જેથી તને ઓળખ કરવા સારૂ ક્રાઇમબ્રાન્ચની ઓફીસ ગાયકવાડ હવેલી ખાતે લઇ જવાની છે તેમ કહી પોતાની રીક્ષામા બેસાડી સાહેદને તેની રીક્ષા લઇને પોતાની પાછળ આવવાનુ જણાવી પાલડી એન.આઇ.ડી થી ડાબી બાજુ રીક્ષા ઉભી રાખી સાહેદને તુ નારોલ જતો રહે તેમ કહી સાહેદને નારોલ મોકલી આપી ફરીની પ્રેમીકાનુ અપહરણ કરીને લઇ ગયેલ અને થોડીવાર બાદ રાજભા નામના ઇસમે પોતાના મોબાઇલ નંબર ૯૫૮૬૮૬૬૭૯૦ ઉપરથી ફરીયાદીને ફોન કરી ફરીયાદીની પ્રેમીકાને છોડવાના રૂપિયા ૩૦,૦૦૦/-ની ખંડણીની માંગણી કરેલ હોવાનુ જણાવેલ અને પોતે આ રીક્ષામા આવેલ ઇસમોને ઓળખતા નહી હોવાનુ અને તેમના નામ સરનામાની ખબર નહી હોવાની હકિકત જણાવતા તેઓની ફરીયાદ લખી લઇ ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૦૨૨૭ ઇ.પી.કો કલમ ૩૬૫,૩૬૮,૩૮૪,૩૪૨,૩૪૭,૧૭૦,૧૧૪ મુજબનો ગુનો દાખલ કરી ગુનાની તપાસ સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા નાઓએ સંભાળી લીધેલ

ગુનો દાખલ થયા બાદ મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જે”ડીવીઝન સાહેબનાઓ તરફથી આ ગુનો ગમેતેમ કરીને શોધી કાઢવા અને ભોગ બનનારને હેમખેમ છોડાવવા માટેની સુચના આપતા જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ નાઓના માર્ગ દર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના સ્ટાફના માણસોની જુદીજુદી ટીમો બનાવી દરેક ટીમને અલગ-અલગ કામગીરી સોપી જે પૈકીની એક ટીમ જેમા સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા

સર્વેલન્સ સ્કોડના બીજા માણસોની સાથે તાત્કાલીક આરોપીના મોબાઇલ નંબર ના ટાવર લોકેશન આધારે ફરીયાદી તથા સાહેદને સાથે રાખી બગોદરા સુધીની હાઇવે ઉપર આવેલ તમામ હોટલ તથા ધાબાઓ ચેક કરી બગોદરા ખાતે પહોચી ફરીયાદીથી આરોપીના મોબાઇલ નંબર ઉપર ફોન કરી ખંડણીના નાણા ક્યા પહોચાડવા તે બાબતે વાતચીત કરાવતા આરોપીએ પોતાનુ બંધન બેન્કનુ એકાઉન્ટ આપતા જે ખાતામા રૂપિયા ૧૧૫૦૦/- લોકરક્ષક સચીન નારણભાઇ પાસે ઓનલાઇન ટ્રાન્સફર કરાવી ટાવર લોકેશન આધારે બગોદરાથી અંદર રોયકા ગામની સીમમા તપાસ કરતા ભોગ બનનાર મળી આવતા જેને સારવાર અર્થે મોકલી આપેલ તેમજ આરોપીના બેન્ક એકાઉન્ટની તપાસ કરતા જેમા આરોપીનુ નામ-સરનામુ મળતા અને આરોપીએ તેના એકાઉન્ટમાથી આર.કે.પેટ્રોલીયમ એચ.પી.પેટ્રોલપંપ બગોદરા હાઇવે ઉપરથી કાર્ડ સ્વીપ કરી રૂપિયા ૧૧,૫૦૦/- ઉપાડી લીધેલ હોવાની બેન્કમાથી માહીતી મળતા સદર પેટ્રોલ પંપ ઉપર જઇ સી.સી.ટી.વી ફુટેજ ચેક કરતા પેટ્રોલ પંપ ઉપર એક સેરોલેક ઓપ્ટ્રા ફોર વ્હીલ ગાડી નંબર જી.જે-૧૮ એ.બી-૩૭૯૦ ની લઇને એક ઇસમ આવેલ અને પેટ્રોલ પંપ ઉપર કાર્ડ સ્વીપ કરી પૈસા ઉપાડેલ હોવાની હકિકત જણાઇ આવતા સી.સી.ટી.વી ફુટેજમા તેનો ફોટો મળી આવેલ તેમજ બેન્ક એકાઉન્ટની માહીતીમા તેનુ નામ પ્રકાશભાઇ પ્રભુદાસ દસાણી રહે,મ.નં ૧૪ ગોકુલનગર મુની આશ્રમ વઢવાણ જી-સુરેન્દ્રનગરનુ સરનામુ મળેલ જે સરનામા ઉપર આરોપીની તપાસ કરવા માટે એક ટીમ જેમા એ.એસ.આઇ પરેશભાઇ રામભાઇ તથા અ.હે.કો સુરેશકુમાર જીવણભાઇ તથા અ.હે.કો મો.અશરફ ઇસ્માઇલભાઇ તથા લોકરક્ષક મયુરસિહ રમેશભાઇ નાઓને રવાના કરેલ અને આરોપીના મોબાઇલ નંબરનુ તાત્કાલીક સી.ડી.આર મંગાવી એનાલીસીસ કરી આરોપીનુ સતત લોકેશન મેળવી આરોપીની તપાસમા રહેલ વઢવાણ ખાતેની ટીમને લોકેશન તથા સી.સી.ટી.વી ફુટેજમા મળેલ આરોપીના ફોટા પહોચાડતા આરોપી પ્રકાશભાઇ પ્રભુદાસ દસાણીને વઢવાણ ખાતેની ટીમે વઢવાણથી પકડી પાડેલ તેમજ આરોપીની સાથે રીક્ષામા આવેલ બે આરોપીઓને રીક્ષામા અપહરણ કરી જે રૂટથી ભાગેલા તે રૂટ ઉપરના સી.સી.ટી.વી ફુટેજ ચેક કરી રીક્ષાનુ નંબર મેળવી પિનાકમા સર્ચ કરી રીક્ષા માલીકનુ નામ-સરનામુ મેળવી બીજા બે આરોપીઓ જેમા (૧) સોહીલ ફજલુરહેમાન અન્સારી ઉ.વ ૨૦ રહે,મ.નં ૧૦ છીપાનગર સોસાયટી ખાનકા મસ્જીદની પાસે અલબુરૂજ બિલ્ડીંગની પાસે સરખેજ રોજા સરખેજ અમદાવાદ તથા (૨) મોઇન ઇમ્તીયાઝભાઇ શેખ ઉ.વ ૨૨ રહે,ઉરવાપાર્ક સમા સ્કુલની પાછળ મસ્તાન મસ્જીદ પાસે અંબર ટાવર ફતેહવાડી સરખેજ અમદાવાદ નાઓને જુહાપુરા-સરખેજ હાઇવે અંબર ટાવર ખાતેથી પકડી પાડેલ અને ત્રણેય આરોપીઓને તા ૨૭/૦૨/૨૦૨૦ ના કલાક ૨૩/૦૦ વાગે ગુનામા અટક કરવામા આવેલ છે આમ આરોપીઓનુ ફરીયાદમા કોઇ નામ-સરનામુ જણાવેલ ન હોવા છતા ટીમ વર્કથી કામ કરી ટેકનીકલ સોર્સનો ઉપયોગ કરી ગણતરીના કલાકોમા ભોગ બનનાર બહેનને હેમખેમ છોડાવી આરોપીઓને શોધી કાઢી ગુનામા અટક કરી પ્રસંસનીય કામગીરી કરેલ છે તા ૨૮/૦૨/૨૦૨૦

**આરોપી પ્રકાશભાઇ પ્રભુદાસ દસાણી રહે.મ.નં ૧૪ ગોકુલનગર મુની આશ્રમ વઢવાણ જી-સુરેન્દ્રનગરનુ ગુનાહીત ઇતિહાસ**

(૧) કાગડાપીઠ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર નં ૧૧૦/૨૦૧૪ ઇ.પી.કો કલમ ૩૯૨,૧૭૦
(૨) નરોડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર નં ૫૪/૨૦૧૫ ઇ.પી.કો કલમ ૩૮૪,૧૭૦
(૨) નરોડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર નં ૧૧૦/૨૦૧૫ ઇ.પી.કો કલમ ૩૮૪,૧૭૦
(૩) નારણપુરા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર નં ૨૭૫/૨૦૧૫ ઇ.પી.કો કલમ ૧૭૦,૪૦૬,૪૨૦,૧૧૪
(૪) બાપુનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર નં ૨૨૦/૨૦૧૩ ઇ.પી.કો કલમ ૪૦૬,૪૨૦
(૫) વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર નં ૨૫૯/૨૦૧૫ ઇ.પી.કો કલમ ૩૯૪,૪૫૨,૨૯૪(ખ),૧૭૦,૧૧૪
(૬) સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર નં ૨૫૮/૨૦૧૩ ઇ.પી.કો કલમ ૩૯૪,૩૬૫,૩૪૨
(૮) કોસંબા સુરત ગ્રામ્ય પોલીસ સ્ટેશન ફ.ગુ.ર નં ૮/૨૦૧૪ ઇ.પી.કો કલમ ૩૯૨
(૯) વઢવાણ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર નં ૨૫/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૯૪,૩૪૧,૫૦૪,૫૦૬(૨),૪૧૧,૧૧૪

**આ કામગીરી કરનાર જુદીજુદી ટીમો**

**ટીમ નં-૦૧ ;-(ભોગ બનનાર રીયા શેખને હેમખેમ શોધી કાઢેલ)**

(૧) જે.એમ.સોલંકી સીનીયર પોલીસ ઇન્સપેકટર ઇસનપુર પોલીસ સ્ટેશન
(૨) કે.એમ.ચાવડા પો.સબ.ઇન્સ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૩) અ.હેડ.કોન્સ સુનીલભાઇ જયંતીભાઇ પી.આઇ.પર્સનલ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૪) લોકરક્ષક સચિન નારણભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન

**ટીમ નં-૦૨ ;-(પોલીસ સ્ટેશન ખાતે હાજર રહી ટેકનીકલ સોર્સીસ "ઇ"ગુજ કોપ તથા મોબાઇલ કોલ ડિટેઇલ એનાલીસીસ કરેલ)**

(૧) કે.બી.સાંખલા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર ઇસનપુર પોલીસ સ્ટેશન
(૨) અ.હે.કો યુવરાજસિહ ભીખુભા પી.આઇ.પર્સનલ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૩) અ.પો.કો ઘનશ્યામભાઇ મેકરણભાઇ પી.આઇ.પર્સનલ ઇસનપુર પોલીસ સ્ટેશન

**ટીમ નં-૦૨ ;-(વઢવાણ ખાતેથી આરોપીને પકડી પાડનાર)**

(૧) એ.એસ.આઇ પરેશભાઇ રામભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૨) અ.હેડ.કોન્સ સુરેશકુમાર જીવણભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૩) અ.હેડ.કોન્સ મો.અશરફ ઇસ્માઇલભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૪) લોકરક્ષક મયુરસિહ રમેશભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન

ટીમ નં-૦૩ ;-(રીક્ષામા અપહરણ કરી ભાગી ગયેલ તે રૂટ ઉપરના સી.સી.ટી.વી ફુટેજ ચેક તથા બેન્ક ખાતાની માહીતી એકત્રીત કરેલ)

(૧) અ.હેડ.કોન્સ જાકીરખાન મહેબુબખાન સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૨) અ.પો.કો નારાયણભાઇ કરશનભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૩) અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૪) અ.પો.કો દેવેન્દ્રસિહ વેલુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૫) લોકરક્ષક રોહીતસિહ નટુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૬) લોકરક્ષક વિજય મગનભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૭) લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન



# SHE TEAM ની કામગીરીની વિગત

| | |
|---|---|
| કારંજ પો.સ્ટે.ની SHE ટીમ દ્વારા કલાક ૧૦/૦૦ થી બપોરના ૨/૦૦ દરમ્યાન સાંઈબાબા મંદિર, એ.એમ.ટી.એસ બસ સ્ટેન્ડ, સરદારબાગ, રીપબ્લીક સ્કુલ સુધી ફુટ પેટ્રોલીગ કરવામા આવ્યુ તેમજ રોમીયો વોચ રાખી, સાંજના ૪/૦૦ થી રાતના ૮/૦૦ સુધી એસ.વી કોલેજ, આઈ.પી.મિશન સ્કુલ, અખંડાનંદ સર્કલ તથા રાજનગર શાક માર્કેટ માં ફૂટ પેટ્રોલિંગ તથા રોમિયો વોચ કરેલ છે. |  |
|  |  |
| મેઘાણીનગર પોલીસ સ્ટેશન SHE TEAM દ્વારા એરકાર્ગોના ખુલ્લા મેદાનમાં તથા અવાવરૂ જગ્યાએ ચેકીંગ તેમજ સિનિયર સિટિઝન નાઓની મુલાકાત લેવામા આવી. |  |

| | |
|---|---|
| સેટેલાઈટ પોલીસ સ્ટેશન સ્ટેશન SHE TEAM દ્વારા પોલીસ સ્ટેશન વિસ્તાર પેટ્રોલીંગ દરમ્યાન માણેકબાગ વિસ્તાર મા આવેલ સુકન પાર્ક (એ.એમ.સી. ગાર્ડન) માં આવતી મહિલાઓ તેમજ સિનિયર સિટીઝન નાઓ ની સાથે મુલાકાત કરી કોઈ સમસ્યા હોઈ તો તાત્કાલિક શી ટીમ નો સંપર્ક કરવા સમજ કરેલ છે. |  |
|  |  |

# પાસા અટકાયતીની વિગત

## ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૨૭.૦૨.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના ખોખરા પોસ્ટે વિસ્તારમાં પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના ખોખરા પોલીસ સ્ટેશન વિસ્તારમા જનતાના સ્વાસ્થયને હાનિકારક હોવા છતા પોતાના સાગરિતો સાથે મળી અજાણ્યા ઇસમો પાસેથી ગે.કા.નો વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો પોતાના રહેણાક વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે લાવી પોતાના સાગરિતો સાથે મળી પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા ગેરકાયદેસર વગર પાસ પરમીટના વિદેશી દારુનુ વેચાણ કરનાર ઈસમ નામે **કેતનસિંહ પરબતસિંહ રાણા ઉવ.૩૩ રહે.અબીકા નગર ખોખરા ગામ અ.વાદ** વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.